# જુનાગઢ કૃષિ યુનિવર્સીટી હસ્તકની પોલીટેકનીકમાં ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ માટેની જાહેરાત

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકની પોલીટેકનીક ઇન એગ્રી એન્જીનિયરીંગ, તરઘડિયા (રાજકોટ) તથા પોલીટેકનીક ઇન એગ્રો-પ્રોસેસીંગ, જુનાગઢમાં ચાલતા ડિપ્લોમાં કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક પાત્રતા ધરાવતા ધોરણ ૧૦ માં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ખાલી રહેલ સીટો માટે રૂબરૂ કાઉન્સેલિંગ દ્વારા તા. ૨૫-૧૧-૨૦૨૨ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ, જુ.કૃ.યુ., જુનાગઢ ખાતે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ તમામ જરૂરી અસલ પ્રમાણપત્રો અને તેની બે નકલ સાથે આપેલ સમય અને તારીખ દરમ્યાન હાજર રહેવું.

| |
|---|
| **તારીખ:** ૨૫-૧૧-૨૦૨૨, શુક્રવાર |
| **સમય :** સવારના ૧૦.૦૦ કલાકે |
| **સ્થળ :** કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ |

**એડમીશન માટે નીચેની સામાન્ય સુચનાઓ ધ્યાને લેવાની રહેશે**

- **પ્રવેશ લાયકાત**

  ઉમેદવારે ધોરણ ૧૦ની પરીક્ષામાં (૧) ગુજરાતી/પ્રાદેશિક ભાષા (૨) મુખ્ય ગણિત (standard maths) (૩) વિજ્ઞાન (૪) સામાજિક વિજ્ઞાન /સમાજ વિદ્યા અને (૫) અંગ્રેજી વિષયના ગુણના નીચે દર્શાવ્યા પ્રમાણેના ટકા મેળવેલ હોવા જોઇએ.

  **(૧) અનુસુચિત જાતિ (SC) તથા અનુસુચિત જન જાતિ (ST)ના ઉમેદવારો માટે ઓછામાં ઓછા ૩૩ ટકા**

  **(૨) અન્ય ઉમેદવારો માટે ઓછામાં ઓછા ૪૦ ટકા**

- પ્રવેશ લાયકાત માટેના નીચેના ઓરીજીનલ પ્રમાણપત્રો તથા તેની બે નકલ સ્વપ્રમાણિત કરીને સાથે રાખવાની રહેશે.

  (૧) ધોરણ ૧૦ની માર્કશીટ
  (૨) સ્કૂલ લિવિંગ સર્ટીફિકેટ
  (૩) જાતિ / ઇ.ડબલ્યુ.એસ.નું સર્ટીફિકેટ (લાગુ પડતું હોય તો)
  (૪) બક્ષીપંચના ઉમેદવારે નિયત સમયગાળાનું નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ
  (૫) પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ્સ

- એડમીશન મળ્યે સ્થળ પર જ નિયત ફી (ભાઇઓ માટે રૂ. ૧૨૨૦/- તથા બહેનો માટે રૂ. ૯૭૦/) ભરવાની રહેશે.
- યુનિવર્સિટીના પ્રવર્તમાન એકેડેમીક રૂલ્સ મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોને તેમના **મેરીટના ધોરણે** પ્રવેશ આપવામાં આવશે.
- નિયત સમયથી મોડા આવેલ ઉમેદવારોને ઉકત પ્રવેશ પ્રક્રિયાને અંતે પણ જગ્યા ખાલી રહેશે તો જ પ્રવેશ આપવામાં આવશે.
- ઉમેદવારે સ્વ ખર્ચે એડમીશન માટે હાજર રહેવાનું રહેશે.
- હાલ ખાલી રહેલ સીટો ની માહિતી નીચે પ્રમાણે છે.

### બંને પોલીટેકનીકમાં કેટેગરીવાઇઝ ખાલી રહેલ સીટોની વિગત

| પોલીટેકનીકનું નામ | કુલ ખાલી સીટ | કેટેગરી | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | જનરલ | એસ.સી. | એસ.ટી. | એસ.ઇ.બી.સી. | ઇ.ડબલ્યુ.એસ. | અધર બોર્ડ |
| પોલીટેકનીક ઇન એગ્રી એન્જીનિયરીંગ, તરઘડિયા (રાજકોટ) | ૧૯ | ૬ | ૧ | ૪ | ૪ | ૩ | ૧ |
| પોલીટેકનીક ઇન એગ્રો-પ્રોસેસીંગ, જુનાગઢ | ૧૬ | ૫ | ૧ | ૪ | ૩ | ૨ | ૧ |

આચાર્ય અને ડીન
કૃષિ ઇજેનેરી અને ટેકનોલોજી મહાવિધાલય,
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ